# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**પ્રિ-પરીક્ષા**

**યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫**

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૭૩૬,૭૩૭,૭૩૮ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :exam01@ sauuni.ac.in


નં.ક્રમાંક/પરીક્ષા/૦૧/૫૬૦ /૨૦૨૫ તા: ૦૧/૦૪/૨૦૨૫

**પરીપત્ર.**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રી/ભવનોનાં અધ્યક્ષશ્રી/માન્ય અનુસ્નાતક સંસ્થાઓનાં વડાઓને જણાવવામાં આવે છે કે સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ કોષ્ટક (B) મુજબ પરીક્ષાર્થીઓ માટે આ રેગ્યુલર પરીક્ષાનું આયોજન થયેલ છે તેમજ કોષ્ટક **(B)** પ્રમાણે શરૂ થનાર વિવિધ પરીક્ષાઓનાં આવેદનપત્રો નિયત પરીક્ષા ફી સાથે ઓનલાઈન ભરવાનાં રહેશે

**[A]** વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ સંસ્થાનાં લોગઈન મારફત એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ નંબર દાખલ કરી પ્રિ-પ્રિન્ટેડ ફોર્મ ડાઉનલોડ /પ્રિન્ટ કરવાનાં રહેશે.સદર પરિપત્ર મુજબની ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કોલેજ/સંસ્થા/ ભવન દ્વારા પોતાનાં લોગઈન મારફત પુર્ણ કરીને ફી મેમો તેમજ ભરેલાં પરીક્ષા ફોર્મની યાદી **E-mail:** suexamfee@sauuni.ac.in પર તરત મોકલી આપવાની રહેશે.

કોલેજ લોગઈનમાં પ્રિ-એકઝામીનેશન મેનુની અંદર પ્રિ-એકઝામીનેશન ફોર્મ રીપોર્ટ નામનાં ઓપ્શનમાંથી પરીક્ષા ફોર્મની પ્રિન્ટ કરી શકશો. જેની વિગત નીચે મુજબ છે.

**[College Login => Pre-Examination => Pre-Examination Form Report]**

**તમામ કોલેજ/સંસ્થા/ભવને exam.saurashtrauniversity.edu વેબસાઈટમાં ઓનલાઈન પરિક્ષા ફોર્મ ભરીને તેમાં જ ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે. રીપીટર વિધાર્થીઓ માટે www.saurashtrauniversity.co.in ના પોર્ટલ પરથી પરીક્ષા ફોર્મ અને પેમેંન્ટ કરવાનુ રહેશે.**

**[B]** **પરીક્ષા ફોર્મ તારીખ - ફી/-**

| ક્રમ | પરીક્ષાનુ નામ | સેમેસ્ટર | પરિક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાનો રેગ્યુલર ફી સાથેનો સમયગાળો | પરીક્ષા ફી રૂ!- |
|---|---|---|---|---|
| | **EDUCATION** | | | |
| 01 | B.ED (2-YR) | **4** | તા : ૦૨-૦૪-૨૦૨૫ થી ૦૬-૦૪-૨૦૨૫ | **300/-** |
| 02 | B.ED (BASIC) (2-YR) | **4** | તા : ૦૨-૦૪-૨૦૨૫ થી ૦૬-૦૪-૨૦૨૫ | **300/-** |
| 03 | B.ED (ENG) (2-YR) | **4** | તા : ૦૨-૦૪-૨૦૨૫ થી ૦૬-૦૪-૨૦૨૫ | **300/-** |
| 04 | M.ED | **4** | તા : ૦૨-૦૪-૨૦૨૫ થી ૦૬-૦૪-૨૦૨૫ | **300/-** |
| 05 | M.ED | **2** | તા : ૦૨-૦૪-૨૦૨૫ થી ૦૬-૦૪-૨૦૨૫ | **300/-** |

૧. ઉપરોક્ત યાદી પ્રમાણે વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ ઓનલાઈન ભરવાનાં રહેશે. જેની ખાસ નોંધ લેવી.

૨. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઈન આવેદન પત્ર ભરતા સમયે વિદ્યાર્થીનાં વિષય તથા અન્ય (જેમ કે વિદ્યાર્થીના નામ,વિષય, ફોટા, એંનલીસ્ટમેન્ટ નંબર) તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા વધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ જેની તકેદારી લેવી તેના કારણે કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે સંબંધીત કોલેજ/સંસ્થા/ભવન જવાબદાર રહેશે. તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

3 ઉપરોક્ત પરીક્ષાઓ માટે ઓનલાઈન પરીક્ષા ફોર્મ કોલેજ/સંસ્થા પોતાના લોગઈન મારફતે વેબસાઈટ પર ભરવાના રહેશે. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં આપનાર અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ રેગ્યુલર – રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી, ફી મેમો જનરેટ કરી ઓનલાઈન ફી પેમેન્ટ કરવાનું રહેશે. યુનિવર્સિટી વેબસાઈટમાં ઓનલાઈન એન્ટ્રી નિયત તારીખ સુધીમાં કરી ફી મેમો અંગેની યાદી તેમજ ઓનલાઈન ભરાયેલ વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટ suexamfee@sauuni.ac.in ઈ-મેઈલ મારફત યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા ફોર્મની છેલ્લી તારીખ ઉપરાંત ત્રણ (૩) દિવસ સુધીમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. દરેક અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ ચલણ તથા ફી ની રકમ અલગ અલગ જમા કરાવવાની રહેશે. જો ઓનલાઇન પેમેન્ટ ના થઇ શકતુ હોય તો વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રોની ફી નો ડીમાંન્ડ ડ્રાફ્ટ ફી મેમોમાં દર્શાવેલ મુળ રકમનો જ જમા કરવાનો રહેશે. ડી. ડી. કમિશન બાદ કરવાનું રહેશે નહી.

૪ જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની થિયરી (Theory) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષા જ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સંબંધિત સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે તેમજ સંબંધિત સંસ્થા દ્વારા રીપીટર વિદ્યાર્થીઓની નિયમાનુસાર આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સિટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ ની ઓનલાઈન એન્ટ્રી કરીને મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની ખાસ નોંધ લેવી.

૫. વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રો સંબંધીત કોલેજ/સંસ્થા/ભવન દ્વારા ચાલુ સત્ર તેમજ ત્યારબાદનાં એક સત્ર સુધી સાચવી રાખવાનાં રહેશે.

પરીક્ષા નિયામક

<u>પ્રતિ,</u>

**(૧). સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ તેમજ એમ.એડ કોલેજનાં આચાર્યશ્રીઓ**

**(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત એજ્યુકેશન ભવનના અધ્યક્ષશ્રી તરફ. .**

**<u>નકલ રવાના:</u>**

**(૧) માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી તરફ.**